પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૭૧, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૫-૦૩-૨૦૨૧ સોમવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 171 PRICE :-RS. 1.50 DATE : 15-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

### ૨.૫ લાખ કરોડની મૂડી હાથવગી કરવા સરકાર ખાનગીકરણને માર્ગે

# દેશના વધુ ૧૩ એરપોર્ટનું ખાનગીકરણ કરશે મોદી સરકાર



ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે દેશના વધુ ૧૩ એરપોર્ટનું ખાનગીકરણ કરવાનો તથા દિલ્હી,મુંબઈ, બેંગ્લુરુ અને હૈદરાબાદ એરપોર્ટની બાકી બચેલી હિસ્સેદારી વેચવાનો નિર્ણય કર્યો છે. ગત મહિને થયેલી સચિવોની કમિટીની બેઠકને ટાંકીને ટોચના સૂત્રોએ જણાવ્યું કે પહેલેથી જ ખાનગી હાથોમાં સોંપી દેવાયેલા આ ચાર એરપોર્ટમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયાની બાકી બચેલી હિસ્સેદારી વેચી દેવામાં આવશે. સરકારે ખાનગીકરણ માટે વધુ ૧૩ એરપોર્ટની પસંદગી કરી છે. ૨.૫ લાખ કરોડની મૂડી ભેગી કરવા માટે સરકારે એરપોર્ટના ખાનગીકરણનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય દિલ્હી,મુંબઈ,બેંગ્લુરુ અને હૈદરાબાદ એરપોર્ટમાં એરપોર્ટ ઓથોરિટીની હિસ્સેદારી વેચવા કેબિનેટની મંજૂરી લેશે. ટૂંક સમયમાં કેબિનેટમાં આ મુજબનો પ્રસ્તાવ લાવવાની પણ વાત ચાલી રહી છે. આ ચાર એરપોર્ટનું સંચાલન ખાનગી સેક્ટરની સાથે જોઈન્ટ વેન્ચરમાં કરાઈ રહ્યું છે.

સૂત્રોના જણાવ્યાનુસાર જે ૧૩ એરપોર્ટને ખાનગીકરણ માટે પસંદ કરાયા છે તેમાંથી નફાકારક અને બિન નફાકારકવાળા એરપોર્ટને સામેલ કરવામાં આવશે. ખાનગીકરણ દરમિયાન શ્રેષ્ઠ પેકેજ આકર્ષિત કરવાનો ઉદ્દેશ છે. આપને જણાવી દઈએ કે પહેલા તબક્કામાં કેન્દ્ર સરકારે ગત વર્ષે લખનઉ, અમદાવાદ,જયપુર, મેંગ્લુરુ,તિરુવનંતુપુરમ અને ગુહવાટી એરપોર્ટનું ખાનગીકરણ કર્યુ હતું.

સમગ્ર દેશભરમાં ૧૦૦ કરતા પણ વધારે એરપોર્ટનું સંચાલન નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળના એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયાના હાથમાં છે. મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ૭૪ ટકા હિસ્સેદારી અદાણી ગ્રુપની માલિકી છે જ્યારે બાકીની ૨૬ ટકા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયાની છે. આવી રીતે દિલ્હી ઈન્ટરનેશનલ એપોર્ટમાં ૫૪ ટકા હિસ્સેદારી જીએમઆર ગ્રુપની અને ૨૬ ટકા હિસ્સેદારી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયાની છે.

## લોકશાહી અંગે વિદેશી સંસ્થાઓના સર્ટિફિકેટની ભારતને જરુરી નથીઃ એસ જયશંકર



ન્યુ દિલ્હી,

તાજેતરમાં કેટલાક વિદેશી રિપોર્ટસમાં ભારતનુ લોકતંત્ર નબળુ પડી રહ્યુ હોવાનુ કહેવામાં આવ્યુ હતુ. અમેરિકાની સંસ્થા ફ્રિડમ હાઉસ અને સ્વીડીશ સંસ્થા વી ડેમોક્રેસીના આ રિપોર્ટ પર હવે વિદેશ મંત્રી એસ જયશંકરે નિવેદન આપ્યુ છે.જયશંકરે એક ચેનલ સાથેની મુલાકાત દરમિયાન કહ્યુ હતુ કે, આ એક પ્રકારનુ પાખંડ છે.આ સંસ્થાઓ પોતાને દુનિયાના કસ્ટોડિયન સમજે છે અને તેમને પેટમાં દુખી રહ્યુ છે કે ભારતમાં તેમના અભિપ્રાયની કોઈ ગણતરી નથી.તેઓ પોતાના હિસાબે નિયમ બનાવે છે અને પોતાની રીતે જ ચુકાદો આપે છે.આ સંસ્થાઓ પાછો દેખાડો કરે છે કે જાણે તેઓ વિશ્વ સ્તરનુ કોઈ કાર્ય રિપોર્ટ બનાવીને કરી રહ્યા છે. જયશંકરે કહ્યુ હતુ કે, આ સંસ્થાઓ ભાજપને હિન્દુ નેશનાલિસ્ટ પાર્ટી ગણાવે છે, આ જ પાર્ટીની સરકારે ૭૦ દેશોને કોરોનાની વેક્સીન આપી છે.ભારતની ચૂંટણી વ્યવસ્થા પર કોઈ સવાલ નથી ઉઠાવતુ, આ સંસ્થાઓ જે દેશોમાં છે તેના માટે આવુ કહી શકાય તેમ છે ?ભારતમાં દરેકની આસ્થા અલગ અલગ છે પણ આપણે ત્યાં કોઈ ધાર્મિક પુસ્તક હાથમાં લઈને સોગંદ નથી લેવાતા ... મને મારા દેશ પર ભરોસો છે અને મને બહારના સર્ટિફિકેટની કોઈ જરુર નથી અને ખાસ કરીને એવા લોકો પાસેથી તો નહીં જ જેમના પોતાના એજન્ડા છે.

ચીન અંગેના સબંધો પર તેમણે કહ્યુ હતુ કે, જે રીતે આપણે ચીનનો મુકાબલો અત્યારે કર્યો તે પાંચ વર્ષ પહેલા શક્ય નહોતુ.આપણે પાંચ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવ્યુ છે.ચીન સાથે સબંધો ત્યારે જ સામાન્ય થશે જ્યારે બોર્ડર પર શાંતિ હશે.ચીન દોસ્તીનો હાથ લંબાવશે તો ભારત પણ દોસ્તીનો હાથ લંબાવશે અને ચીન બંદુક બતાવશે તો ભારત પણ એવુ જ કરશે.

## આકરી ગરમી માટે તૈયાર રહેજોઃ ૧૦ સ્થળોએ તાપમાન ૩૫ ડિગ્રી પહોંચ્યું

અમદાવાદ,

ગુજરાતમાં હવે ધીમે ધીમે ઉનાળો જામી રહ્યો છે. મોડી રાતથી વહેલી સવાર સુધી થોડી ઠંડકનો અનુભવ થાય છે. તો બપોરે ઉકળાટ થતાં ગરમીનો અનુભવ થાય છે. આ વખતે ઉનાળો દેશભરમાં વધુ આકરો રહેવાનો છે તેવી આગાહી છે પણ હજુ ફાગણ માસની શરૂઆત થતાં ગરમીએ જોર પકડ્યું છે.

રાજ્યમાં દસ સ્થળોએ મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી કે તેથી વધુ નોંધાયું છે. સૌથી વધુ ૩૭ ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન ભુજ, રાજકોટ, કેશોદ, અમદાવાદ, અને વડોદરામાં નોંધાયું હતું.

આ ઉપરાંત, સુરેન્દ્રનગર, ડીસા), ગાંધીનગર, વલ્લભવિદ્યાનગરમાં ૩૬ ડિગ્રી સેલ્સીયસ, સુરતમાં ૩૫ ડિગ્રી સેલ્સીયસ, નલીયા, ભાવનગર, મહુવા, અને વલસાડમાં ૩૪ ડિગ્રી સેલ્સીયસ, તથા કંડલા પોર્ટ ખાતે ૩૨ ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

આજ સમયગાળામાં લઘુત્તમ તાપમાન ઘણી જગ્યાએ સામાન્ય અને સામાન્ય કરતા સહેજ ઓછુ નોંધાયું છે. સૌથી ઓછુ ૧૩ ડિગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન વલસાડમાં નોંધાયું જે સામાન્ય કરતા ૫ ડિગ્રી ઓછુ છે.

વાતાવરણમાં પલટા અને માવઠાની આગાહી કરી છે. તો સાથે હવામાન વિભાગ દ્વારા પણ આગાહી કરવામાં આવી છે કે, આ ઉનાળામાં સામાન્ય કરતા તાપમાન ઊંચું રહશે. જોકે, માર્ચ મહિનામાં પહેલા સપ્તાહમાં તાપમાન ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે અને આગામી દિવસમોમાં પણ ગરમીનું પ્રમાણ વધશે.

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના અનેક વિસ્તારોમાં ૧૩ માર્ચથી ગરમી ૪૦ ડિગ્રીને પાર થવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં અત્યારે ૧૦ શહેરનો પારો ૩૫ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. ઉલ્લેખનીય છે કે માર્ચની શરૂઆતની સાથે જ અમદાવાદ સહિતના શહેરમાં ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે.

## વાલીઓ ચિંતિતઃ સુરતની શૈક્ષણિક સંસ્થાઓ બની રહી છે કોરોનાની સુપર સ્પ્રેડર!

સુરત,

શહેરમાં કોરોના સંક્રમણના કારણે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. સુરતની વિવિધ સ્કૂલો અને કોલેજોમાં કોરોનાના પોઝિટિવ કેસો સામે આવતા વાલીઓ ચિંતિત બન્યા છે. જ્યારે વહીવટી તંત્ર પણ હરકતમાં આવતા મ્યુનિસિપલ કમિશનરે ૨ સ્કૂલો અને ૧ કોલેજને ૧૪ દિવસ માટે બંધ રાખવાનો આદેશ આપ્યો છે.

સુરતની સૂમુલ ડેરી રોડ સ્થિત સીડી બરફીવાલા કોલેજમાં ૧૦ વિદ્યાર્થીઓ પોઝિટિવ મળી આવ્યા હતા. જ્યારે સંત નામદેવનગર પ્રાથમિક શાળાના ૬ અને સંત નચિકેતા પ્રાથમિક શાળાના ૪ વિદ્યાર્થીઓનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યા બાદ ૧૪ દિવસ માટે સ્કૂલ અને કોલેજને બંધ કરવાનો નિર્ણય લેવાય છો.

જણાવી દઈએ કે, શહેરમાં છેલ્લા બે અઠવાડિયામાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં પણ સૌથી વધુ પોઝિટિવ દર્દીઓ સુરત શહેરમાંથી સામે આવી રહ્યાં છે. સુરતની શૈક્ષણિક સંસ્થાઓમાં કોરોના ટેસ્ટિંગ દરમિયાન શિક્ષકો અને વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત મળી રહ્યાં છે.

સુરત કોર્પોરેશનના સ્વાસ્થ્ય વિભાગે સ્કૂલ, કૉલેજો અને ટ્યૂશન ક્લાસીસમાં વિદ્યાર્થીઓના કોરોના ટેસ્ટિંગ શરૂ કરવાનું અભિયાન શરૂ કર્યું છે. શૈક્ષણિક સંસ્થાઓને કોરોનાના સુપર સ્પ્રેડર બનતી રોકવા માટે કોવિડ ગાઈડલાઈન્સનું ચુસ્ત પાલન કરવાની અપીલ કરવામાં આવી રહી છે. જ્યારથી સ્કૂલ અને કોલેજો શરૂ થઈ છે, ત્યારથી શહેરમાં કોરોનાના કેસો વધવાની શરૂઆત થઈ છે.

## કોરોનાનો કહેરઃ બોપલ, બોડકદેવ સહિત ૫ વિસ્તાર માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર





અમદાવાદ,

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદથી કોરોનાના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા એક વર્ષથી કોરોનાએ બાનમાં લીધા બાદ હવે ફરી અમદાવાદમાં કેસોમાં વધારો થતાં તંત્રમાં દોડધામ મચી ગઈ છે. શનિવારે શહેરમાં ૧૮૫ કેસ નોંધાતા શહેરના બોડકદેવ અને બોપલ સહિત વધુ ૫ વિસ્તારને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાની ફરજ પડી છે.

કોરોનાના સંક્રમણમાં સતત વધારો થતાં એએમસી દ્વારા શનિવારે વધુ પાંચ વિસ્તારોને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા છે. જેમાં ઘોડાસર, સાઉથ બોપલ, બોડકદેવ અને ત્રાગડ રોડનો સમાવેશ થાય છે. આ પાંચ વિસ્તારમાં આવેલા ૬૪ મકાનોનો માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં સમાવેશ કરાયો છે. જેથી આ ઘરોમાં રહેતા ૨૪૨ લોકો હવે કન્ટેનમેન્ટ ઝોનમાં રહેવું પડશે. જો કે, ૪ વિસ્તારને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુક્ત પણ કરવામાં આવ્યા છે.

## પુડુચેરીમાં કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠકમાં હોબાળો, પૂર્વ CMની સામે ઝપાઝપી



પુડુચેરી,

પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીને લઈને રવિવારે કોંગ્રેસની ચૂંટણી સમિતિની બેઠક યોજાઈ. કોંગ્રેસ ચૂંટણી સમિતિની બેઠક દરમિયાન પાર્ટીના જ એક નેતાએ ડીએમકેનો ઝંડો ફરકાવ્યો જે બાદ સભામાં હોબાળો થયો.

બેઠકમાં પુડુચેરીના પૂર્વ મુખ્યમંત્રી નારાયણસામી પણ હાજર હતા. નારાયણસામીની હાજરીમાં જ નેતાઓ વચ્ચે હાથાપાઈ થઈ જેનો વીડિયો સામે આવ્યો છે. કોંગ્રેસ ચૂંટણી સમિતિમાં હોબાળા બાદ કોંગ્રેસ કાર્યાલયની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી છે.

ઉલ્લેખનિય છે કે પુડુચેરીમાં હાલમાં જ રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવ્યું છે. પુડુચેરીમાં સરકારમાં ભંગાણ બાદ રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવ્યું હતું. પુડુચેરીની ૩૦ સીટો પર આગામી ૬ એપ્રીલે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

## UNમાં ભારતમાં ચાલતા ખેડૂત આંદોલનમાં તપાસ કમિટી બનાવવા દબાણ કર્યું

યુએન,

ભારત વિરોધી અને ભારતમાં પ્રતિબંધિત ખાલિસ્તાન સમર્થક આતંકી સંગઠન સિખ ફોર જસ્ટિસને લઈને મોટો ખુલાસો થયો છે. આ સંગઠને સંયુક્ત રાષ્ટ્રને ૧૦૦૦૦ ડોલરનો ફાળો આપ્યો છે અને હવે સંગઠન સંયુક્ત રાષ્ટ્ર પર ભારતમાં ખેડૂત આંદોલન દરમિયાન થયેલા કથિત દુર્વ્યવહારને લઈને તપાસ કમિટિ બનાવવા માટે દબાણ કરી રહ્યુ છે.

સંયુક્ત રાષ્ટ્રના માનવધિકાર માટેના હાઈ કમિશનના પ્રવક્તાએ સિખ ફોર જસ્ટિસ પાસેથી ફાળો લીધો હોવાની વાતને સમર્થન આપતા કહ્યુ છે કે, એક માર્ચે અમને ઓનલાઈન ડોનેશન મળ્યુ હતુ. દરમિયાન અમેરિકામાં રહેતા ગુરપતવંત સિંહ પન્નૂને કહ્યુ છે કે, સિખ સમુદાય તરફથી ૧૩ લાખ ડોલર આપવાનો વાયદો કરાયો હતો જેથી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ખેડૂતો પર થયેલા દમન અંગે તપાસ સમિતિ બનાવી શકાય અને ભારત તરફથી ખેડૂતો સામે લગાવાયેલા રાષ્ટ્રદ્રોહના આરોપોની તપાસ થઈ શકે.

## દેશમાં કોરોના રિટર્નઃ ૨૪ કલાકમાં ૨૫ હજારથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા



ન્યુ દિલ્હી,

૨૦૨૧ના સૌથી વધુ કોરોના કેસનો વધુ એક રેકોર્ડ શનિવારે તૂટ્યો છે, જેમાં ૨૫,૦૦૦ કરતા પણ વધારે નવા કેસ નોંધાયા છે. આ સાથે ૨૪ કલાકમાં ૧૬૦ કરતા વધારે કોરોનાના દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. જ્યારે પાછલા કેટલાક અઠવાડિયાઓથી નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઓછી રહેવાથી એક્ટિવ કેસનો આંકડો ૨ લાખ ૧૦ હજારને પાર પહોંચી ગયો છે. કોરોનાના કેસ કાબૂમાં લાવવા માટે મહારાષ્ટ્ર સહિતના કેટલાક રાજ્યોમાં કડક પગલા ભરવાનું શરુ કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૫,૩૨૦ કેસ નોંધાયા છે અને ૧૬,૬૩૭ લોકો કોરોનાને હરાવીને સાજા થયા છે. નવા કેસમાં સતત વધારો થતા ભારતમાં કોરોનાના કેસની સંખ્યા વધીને ૧,૧૩,૫૯,૦૪૮ પર પહોંચી ગઈ છે. જ્યારે સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧,૦૯,૮૯,૮૯૭ થઈ ગઈ છે.

દેશમાં ૧૦૦ની નીચે મૃત્યુઆંક ગયા પછી ફરી નવા કેસ વધવાની સાથે મૃત્યુઆંક પણ ઊંચો જઈ રહ્યો છે, પાછલા ૨૪ કલાકમાં વધુ ૧૬૧ દર્દીઓએ જીવ ગુમાવતા કુલ મૃત્યુઆંક વધીને ૧,૫૮,૬૦૭ પર પહોંચી ગયો છે.

ભારતમાં ફેબ્રુઆરી પછી સતત નવા કેસની સંખ્યામાં ઉછાળો નોંધાઈ રહ્યો છે, આવામાં એક્ટિવ કેસનો આંકડો વધીને ૨,૧૦,૫૪૪ પર પહોંચી ગયો છે. એક સમયે ફેબ્રુઆરીમાં એક્ટિવ કેસ ૧ લાખની અંદર પહોંચવાની તૈયારીમાં હતા જે સ્થિતિ આજે એકદમ બદલાઈ ગઈ છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં ૧૩ માર્ચ સુધીમાં ૨૨,૬૭,૦૩,૬૪૧ લોકોના કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે, જેમાંથી શનિવારે ૮,૬૪,૩૬૮ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ભારતમાં ૨,૯૭,૩૮,૪૦૯ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. ભારતમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વાયરસ સામે લડવા માટે રસી અભિયાનની શરુઆત કરવામાં આવી હતી, જેમાં સૌથી પહેલા મેડિકલ સ્ટાફ અને તે પછી ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ અને હવે ૬૦ વર્ષથી ઉપરના નાગરિકો અને જેઓ ગંભીર બીમારીથી પીડાય છે અને તેમની ઉંમર ૪૫ વર્ષ કરતા વધુ છે તેમને રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે. રસીના ૨૮ દિવસ બાદ બીજો ડોઝ આપવામાં આવી રહ્યો છે જેમાં હાલ મેડિકલ સ્ટાફને રસીનો બીજો ડોઝ આપવામાં આવી રહ્યો છે.

દેશના કુલ કોરોનાના એક્ટિવ કેસમાંથી ૧,૧૯,૭૭૧ એક્ટિવ કેસ માત્ર મહારાષ્ટ્રમાં છે, જ્યાં કોરોનાની સ્થિતિ વધારે ગંભીર થઈ રહી છે. વધતા કેસને કાબૂમાં લાવવા માટે રાજ્યના કેટલાક ભાગોમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે આ સાથે કેટલાક કન્ટેન્મેન્ટ ઝોનમાં નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે.











મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગરમાં આજે ૪ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોના ના કુલ ૨૧૪૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૪-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૧૪૮ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષએ કોરોનાને મ્હાત આપતા તેમને રજા આપવામાં આવતાં તેઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૫૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૧૩૮૧૩૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૬૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૮ દર્દી હોમ આઇસોલેશન અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૦ દર્દીઓ સ્ટેબલ અને ૦૯ દર્દીઓ ઓક્સિજન પર છે.

# સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ઉર્દુ ગઝલ અને રાષ્ટ્રપ્રેમ સેમિનાર યોજાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુરની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ઉર્દૂ ગઝલ અને રાષ્ટ્રપ્રેમ વિષય ઉપર એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. સેમિનારમાં ગુજરાતના બે ગઝલકાર દિલીપ વ્યાસ અને મનીષ પરમાર, સંસ્થાનાં કવયિત્રી ડો. માલિની ગૌતમે પોતાની ગઝલોનું પઠન કરી શ્રોતાઓને સંતર્પક અનુભવ કરાવ્યો. સંસ્થાના આચાર્ય ડો. અભય પરમારે ઉપસ્થિત અતિથિઓનો પરિચય કરાવ્યો અને સહુનું સ્વાગત કર્યું. સાથે જ ગઝલ સાહિત્યની રૂપરેખાની ચર્ચા કરી સેમિનારને ખુલ્લો મૂક્યો. પ્રસ્તુત પ્રસંગે સંસ્થાના વિદ્યાર્થી યુનિયનના હોદ્દેદારો જી.એસ. પંકજ કટારા, એલ.આર નિહારિકા પરમાર, સી.આર. અજય ડામોર વગેરે વિદ્યાર્થીઓએ અતિથિઓનું પુષ્પહારથી સ્વાગત, સંસ્થાના અધ્યાપક મિત્રોએ અતિથિઓનું શાલ ઓઢાડી સમ્માન કર્યું. ઉપસ્થિત કવિઓએ ટૂંકા વક્તવ્ય સાથે પોતાની ગઝલનું પાન કર્યું અને રિષભ મહેતા અને શ્રીમતી ગાયત્રી મહેતાએ ઉર્દૂ ગઝલોનું સંગીતમય રસપાન કરાવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. કામિની દશોરાએ અને ગઝલ-પઠનના કાર્યક્રમનું સંચાલન ડો. માલિની ગૌતમે કર્યું. કાર્યક્રમને અંતે કાર્યક્રમના કોર્ડિનેટર ડો. ઈશાક પટેલે કાર્યક્રમને સફળ બનાવવામાં યોગદાન આપનાર સહુનો હૃદયપૂર્વક આભાર માન્યો.

# વડાપ્રધાન મોદી ગાંધીનગર ખાતે રેલ્વે સ્ટેશન-હોટલનું લોકાર્પણ કરશે

ગાંધીનગર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી એપ્રિલ મહિનામાં ફરીવાર ગુજરાતની મુલાકાતે આવે તેવી શક્યતા છે. વડાપ્રધાન આ દરમિયાન ગાંધીનગર સ્થિત આધુનિક રેલવે સ્ટેશન અને ફાઈવ સ્ટાર હોટલનું લોકાર્પણ કરી શકેછે. આ સાથેજ વડાપ્રધાન આવે તે સ્થિતિમાં અન્ય કાર્યક્રમો પણ જોડે ગોઠવવા માટે આયોજન કરાઈ રહ્યું છે. માર્ચ મહિનામાં જ વડાપ્રધાન બે વખત ગુજરાતની મુલાકાતે આવી ચૂક્યા છે. ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનને ઈન્ડિયન રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન ડેવલપ કરી રહ્યું છે. દેશમાં પહેલીવાર કોઈપણ રેલવેસ્ટેશન પર પ્રાર્થના રૂમ અલગથી તૈયાર કરાયો છે, જ્યાં ટ્રેનની રાહ જોતા પેસેન્જરો ભગવાનની પ્રાર્થના-બંદગી કરી શકશે. ફાઈવસ્ટાર હોટલ બિલ્ડિંગની નીચે સ્ટેશન માટે નવું બિલ્ડિંગ તૈયાર કરાયુંછે. આ બિલ્ડિંગમાં જ નીચેના મુખ્ય પ્રવેશદ્વારથી પ્લેટફોર્મ પર જવા માટેની એન્ટ્રી છે. તમામ પેસેન્જરોએ ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરમાંથી પસાર થવું પડશે. એન્ટ્રીગેટ પાસે ફાઈવસ્ટાર હોટલમાં જવા માટેનો રસ્તો આપ્યો છે, જેમાં નવી ટિકિટ બારીની ડાબી બાજુમાં લિફ્ટ-એસ્કેલેટર લગાવાયાં છે, જેથી હોટલ બિલ્ડિંગમાં સરળતાથી પહોંચી શકાશે.

## ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા માટે કેટલાક નિયમો બનાવાયા
# વિદ્યાર્થીનું ટેમ્પરેચર વધુ જણાશે તો અલગ રૂમમાં બેસાડીને પરીક્ષા લેવાશે



અમદાવાદ, આગામી ૪ મેથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા શરૂ થશે, જેને લઈને શિક્ષણ વિભાગ તેમજ તંત્ર સજ્જ થઈ રહ્યાં છે. કોરોના વચ્ચે પરીક્ષા લેવામાં આવતાં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે કેટલાક નિયમો બનાવવામાં આવ્યા છે, જેમાંથી એક છે કે પરીક્ષા સમયે ક્લાસરૂમમાં બેસતાં પહેલાં વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર ચેક કરવામાં આવશે અને જે વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર વધારે જણાશે તો તેને અલગ રૂમમાં બેસાડીને પરીક્ષા આપવાની રહેશે.

રાજયની મોટા ભાગની શાળાઓ શરૂ થઈ ગઈ છે. જોકે વિદ્યાર્થી તેમજ શિક્ષકો માટે સ્કૂલમાં પ્રવેશતાં જ સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવું ફરજિયાત છે, જેમ કે એક બેન્ચ પર એક જ વિદ્યાર્થી, પ્રવેશ પહેલાં ટેમ્પરેચર ચેક કરવું તેમજ હાથ સેનિટાઈઝ કરવા તેમજ ફરજિયાત માસ્ક પહેરી રાખવું. ત્યારે હવે આગામી ૪ મેથી બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે, જેથી વિદ્યાર્થીઓને કોરોનાના સંક્રમણથી દૂર રાખવા માટે શિક્ષણ વિભાગ દ્વારા કેટલાક નિયમો બનાવવામાં આવ્યા છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા સમયે જો કોઈ વિદ્યાર્થીને તાવ, શરદી, ખાંસી તેમજ ટેમ્પરેચર વધારે જણાશે તો તે વિદ્યાર્થીને અલગ રૂમમાં બેસાડવામાં આવશે, જેથી અન્ય કોઈ વિદ્યાર્થીમાં સંક્રમણનો ભય ન રહે.

વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેસે એ પહેલાં ગેટ બહાર જ તેમનું થર્મલગનથી ટેમ્પરેચર ચેક થશે તેમજ વિદ્યાર્થીને સંપૂર્ણપર્ણ સેનિટાઈઝ પણ કરવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થીનું ટેમ્પરેચર ૯૯ કરતાં વધુ હશે તો તેવા વિદ્યાર્થીને અલગ રૂમમાં બેસાડાશે. આ માટે રાજ્યની તમામ પરીક્ષા કેન્દ્રો પર એક અલગ રૂમ રાખવામાં આવશે, સાથે જ પરીક્ષા સમયે વિદ્યાર્થીઓમાં સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવું ફરજિયાત છે. અને એ જ પ્રમાણે તમામની બેઠકો ગોઠવવામાં આવશે.

# PM મોદીનો એક જ કાયદો, મિત્રોને થવો જોઈએ ફાયદો: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી, કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પેટ્રોલ, ડિઝલ અને રાંધણ ગેસની વધી રહેલી કિંમતોને લઈને ફરી એક વખત કેન્દ્ર સરકારની આકરી ટીકા કરી છે. રવિવારે ટ્વિટર પર તેમણે કહ્યુ તહુ કે, કેન્દ્ર સરકાર બંને હાથે લૂંટ ચલાવી રહી છે.

તેમણે કહ્યું, પહેલા તો સરકાર ગેસ, ડિઝલ અને પેટ્રોલ પર ભારે ટેક્સ વસુલી રહી છે અને બીજી તરફ પોતાના મિત્રો માટે સરકારની કંપનીઓ વેચીને જનતા પાસેથી રોજગારી અને સુવિધાઓ છીનવી રહી છે. તેમણે કહ્યુ હતુ કે, પીએમ મોદીનો એક જ કાયદો છે અને તે છે દેશ ફૂંકી મારીને મિત્રોને ફાયદો કરાવવાનો.

આ પહેલા કોંગ્રેસે દાવો કર્યો હતો કે, ૨૦૧૪માં મોદી સરકાર સત્તા પર આવી તે પછી પેટ્રોલિયમ ઉત્પાદનો પર ટેક્સ લગાવીને સરકારે ૨૧ લાખ કરોડ રુપિયા કરતા વધારે રકમ એકત્રિત કરી છે. ગઈકાલે રાહુલ ગાંધીએ ઉદ્યોગપતિ ગૌતમ અડાણીની સંપત્તિમાં થયેલા વધારાને લઈને સરકાર પર નિશાન સાધ્યુ હતુ.તેમણે લોકોને ગૌતમ અદાણીની સંપત્તિમાં થયેલા વધારાના અહેવાલનો હવાલો આપીને પૂછ્યુ હતુ કે, તમારી સંપત્તિમાં કેટલો વધારો થયો?

# ઉનાળાના પ્રારંભે જ લીંબુના ભાવ આસમાને: કિલોના ૧૦૦ રૂ. થયા

અમદાવાદ, રોજ બરોજ મોંઘવારી વધી રહી છે. જીવન જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓના ભાવ વધી રહ્યા છે. હવે તો ઉનાળાની શરૂ થતાં જ શાકભાજીના ભાવ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. ઉનાળામાં લીંબુની માંગ વધતા એક સપ્તાહમાં ભાવ આસમાને પહોંચ્યા છે. એક સપ્તાહ પહેલા લિબુના ભાવ હોલસેલમાં ૨૦ કિલોના ૧૦૦૦ હજાર રૂપિયા હતા.જે વધીને હોલસેલમાં ૧૩૦૦ રૂપિયા થયા છે. એટલે કે હોલસેલ કરતા રિટેલમાં ભાવ વધારે હોય છે. રિટેલમાં એક કિલો લીંબુનો ભાવ ૧૦૦ રુપિયા થયો છે.અને જેમ જેમ ઉનાળાની સિઝન આગળ વધશે તેમ ભાવ વધવાની પણ શકયતા છે.

લીંબુ સિવાય અન્ય શાકભાજીના ભાવ પણ ઊંચા છે. હોલસેલમાં ગવારના ભાવ ૧૩૦ રૂપિયા છે તો. ચોરીના એક કિલોના ૧૦૦ રૂપિયા છે. તુરિયાના ભાવ ૪૫ રૂપિયા છે. રીંગણાં ૩૬, કોબી ૪૦ સહિતના ભાવ આસમાને છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૫-૦૩-૨૦૨૧, સોમવાર, ફાગણ સુદ-૨, સૂર્યોદય-૬-૩૧, સૂર્યાસ્ત-૬-૨૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.), નક્ષત્ર: રેવતી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## કેન્દ્રીય પર્યાવરણ,જળવાયુ પરિવર્તન મંત્રાલયે નોટિફિકેશન ડ્રાફ્ટ તૈયાર કર્યો
# આગામી વર્ષથી દિલ્હી-NCR સહિત દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર મુકાશે પ્રતિબંધ



ન્યુ દિલ્હી, આગામી ૦૧ જાન્યુઆરી, ૨૦૨૨થી દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગી જશે. એટલું જ નહીં, ૧૨૦ માઈક્રોન સુધીની જાડાઈવાળા પ્લાસ્ટિક બેગ અને ૨૪૦ માઈક્રોન સુધીની જાડાઈવાળા નોનવુવન બેગનો ઉપયોગ પણ બંધ થઈ જશે. પ્લાસ્ટિકના કચરાના દુષ્પ્રભાવને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે આ અંગેના નોટિફિકેશનનો ડ્રાફ્ટ તૈયાર કરી લીધો છે. આ ડ્રાફ્ટ અંગે લોકોની મુશ્કેલીઓ અને સૂચનો જાણવા માટે ગુરૂવારથી ૬૦ દિવસ માટે તેને પબ્લિક ડોમેનમાં લાવવામાં આવ્યો છે. ત્યાર બાદ તેનું ગેઝેટ નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગત ફેબ્રુઆરી મહિનામાં વડાપ્રધાન કાર્યાલયે પ્લાસ્ટિકના ઉપયોગને સીમિત કરવાને અનુલક્ષીને બેઠક રાખી હતી. તે બેઠકમાં માઈક્રો પ્લાસ્ટિક એટલે કે સિંગલ યુઝ પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓનો ઉપયોગ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. તેના પહેલા ૫૦ માઈક્રોન સુધીની પ્લાસ્ટિક બેગ અને વસ્તુઓ પર પ્રતિબંધ મુકવાનો જ નિયમ હતો. દેશભરમાં સમાન રીતે લાગુ થનારા આ નવા નિયમો પ્લાસ્ટિક ૨૦૨૧ તરીકે ઓળખાશે.

દિલ્હીમાં પર્યાવરણ વિભાગના વિશેષ સચિવ કે.એસ. જયચંદ્રને સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધને લઈ દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ તથા દિલ્હી પાર્ક એન્ડ ગાર્ડન સોસાયટીના નામે આદેશ પણ જાહેર કરી દીધા છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના સર્વે રિપોર્ટ પ્રમાણે દેશમાં વાર્ષિક ૧૬ લાખ ટન જેટલો પ્લાસ્ટિક વેસ્ટ ઉત્પન્ન થાય છે. જ્યારે દિલ્હીમાં તે આંકડો વાર્ષિક ૮૦૦ ટન જેટલો છે.

ડિસ્પોઝેબલ કોકરી, પીવાના પાણીના પેકડ ગ્લાસ, થર્મોકોલ અને પ્લાસ્ટિકથી બનેલી સજાવટની તમામ વસ્તુઓ, પ્લાસ્ટિકની થેલીઓ, ૫૦ મિમી કે ૫૦ ગ્રામ સામાનવાળા પ્લાસ્ટિકના પાઉચ, ફુગ્ગા, ઝંડા, ટેટ્રાપેકના પાઈપ, પેકિંગ માટેની પ્લાસ્ટિક શીટ, ૫૦૦ મિમીસુધીના તરલ પદાર્થોવાળી પ્લાસ્ટિકની હલકી બોટલ્સ વગેરે.

પર્યાવરણ નિષ્ણાંતોના અહેવાલ પ્રમાણે જમીનમાં રહીને સડી ન જાય તેવું પ્લાસ્ટિક ભૂજળને પ્રદૂષિત કરે છે. પ્લાસ્ટિકની બોટલ્સ અને ડિસ્પોઝેબલ પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓ ૪૫૦ વર્ષ બાદ પણ નાશ નથી પામતી. પ્લાસ્ટિકના ઢાંકણાને સંપૂર્ણપણે નાશ પામતા ૪૦૦ વર્ષ જ્યારે માછલી પકડવા માટેની પ્લાસ્ટિકની જાળીને ૬૫૦ વર્ષ લાગી જાય છે.

## આંધ્રપ્રદેશમાં ભયાનક માર્ગ અકસ્માત:
# ૯ લોકોના મોત,૭ ઘાયલ



કૃષ્ણા, આંધ્રપ્રદેશમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. મળી રહેલી માહિતી અનુસાર, આ અકસ્માતમાં ૯ લોકોનું મોત નિપજ્યુ છે. જ્યારે અન્ય ૭ લોકો ઘાયલ થયા છે. આંધ્રપ્રદેશનાં કૃષ્ણા જિલ્લાના નુજીવીડુ મંડળનાં ગોલ્લાપલ્લી ગામ નજીક રવિવારે આ અકસ્માત થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઓડિશા રમેશ, ભુક્યા નાગરાજુ, બાનાવતુ સોના, બાનાવતુ નાગુ, ભુક્યા સોમલા અને બર્માવત બેબીનું મોત નીપજ્યું હતું. પાંચ મજૂરોનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાનાવાતુ નાગુનું હોસ્પિટલમાં મોત થયું હતું. અકસ્માત સમયે ઓટોમાં કુલ ૧૪ મજૂરો સવાર હતા. માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને લાશને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. વળી ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ કેસમાં પોલીસે આઈપીસીની કલમ ૩૦૪ હેઠળ ગુનો નોંધ્યો છે. અકસ્માત સર્જી ટ્રક ચાલક ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. પોલીસ તેની શોધ કરી રહી છે.

બીજી તરફ આરોગ્ય પ્રધાન આલ્લા નાનીએ માર્ગ અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, માર્ગ અકસ્માતમાં મજૂરોનાં મોતથી તેઓ દુઃખી છે. મજૂરી કરીને જીવતા લોકોનાં મોત એ ખૂબ જ દુખદાયક ઘટના છે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે. તેમજ મંત્રીએ આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ લોકોને વધુ સારી તબીબી સંભાળ પૂરી પાડવાનો આદેશ આપ્યો છે. સરકાર મૃતકોનાં પરિવાર સાથે ઉભી રહેશે.

# NIAના એક્શનથી ફફડી મહારાષ્ટ્ર સરકાર: રાઉત બોલ્યા, આ સારા સંકેત નથી



મુંબઈ, મુંબઈમાં એન્ટીલિયા બહાર શંકાસ્પદ કાર મળવાના મામલે એનઆઈએના એક્શનથી મહારાષ્ટ્રમાં રાજકીય હલચલ શરૂ થઈ ગઈ છે. શિવસેના સાંસદ સંજય રાઉતે આને લઈને ચોંકાવનારૂ નિવેદન આપ્યુ છે. તેમનુ કહેવુ છે કે આ મામલે એનઆઈએની તપાસની જાણકારી પહેલેથી જ વિપક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસ સુધી પહોંચતી રહી. આ રાજ્ય સરકાર માટે સારા સંકેત નથી.

શિવસેનાના મુખપત્રમાં સંજય રાઉતનુ આ નિવેદન ત્યારે આવ્યુ છે જ્યારે ગત રાતે લાંબી પૂછપરછ બાદ એનઆઈએએ આ મામલે મહારાષ્ટ્ર પોલીસના અધિકારી સચિન વાજેની ધરપકડ કરી લીધી છે. ભાજપ હવે એ માગ કરી રહી છે કે સચિન વાજેનો નાર્કો ટેસ્ટ કરાવવામાં આવે જેથી મહારાષ્ટ્ર સરકાર અને તેમની લિંકની સચ્ચાઈ સામે આવી શકે.

આ દરમિયાન સંજય રાઉતે પોતાના લેખમાં લખ્યુ છે કે આ મામલે તપાસ એનઆઈએને એટલા માટે આપવામાં આવી છે. જેથી રાજ્ય સરકાર પર દબાણ આપવામાં આવી શકે. તેમણે લખ્યુ કે કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ઉપયોગ રાજ્ય સરકાર પર દબાણ બનાવવા માટે કરવામાં આવી રહ્યો છે.

સંજય રાઉતે દાવો કર્યો છે કે આ કેસની જાણકારી વિપક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસ સુધી પહેલા પહોંચતી રહી. આ રાજ્ય સરકાર માટે સારા સંકેત નથી. ફડણવીસને નેતા વિપક્ષ તરીકે પોતાનો ગુમાવેલો આત્મવિશ્વાસ દોઢ વર્ષ બાદ પાછો મળ્યો છે. તેમણે રાજ્ય સરકારને એક મુદ્દા પર ઘેરવાની તક મળી છે. વિધાનસભામાં સત્ર દરમિયાન ચાર દિવસ સુધી ફડણવીસ પર ફોકસ રહ્યુ હતુ.

એન્ટીલિયા કેસમાં એનઆઈએની તપાસની વાતનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ કે આ કેસની તપાસ એનઆઈએને ત્યારે સોંપવામાં આવી જ્યારે ભાજપે વિધાનસભામાં આ કેસને ઉઠાવવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે આની તપાસ એજન્સીને કેમ સોંપી કેમ કે આ ભાજપ માટે સંભવ હતુ. ભાજપ કેન્દ્રમાં છે. આ મહારાષ્ટ્ર જેવા રાજ્યો પર દબાણ બનાવવાનો પેંતરો છે.

## દૈનિક રાશીફળ
તા.૧૫.૦૩.૨૦૨૧ સોમવાર

મેષ(અ.લ.ઈ.) :- વેપાર અર્થે પ્રવાસ લાભદાયી રહે. કુટુંબસુખ ઉત્તમ રહે. આધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધે.

વૃષભ(બ.વ.ઉ.) :- જમીન - મકાનથી લાભ. દિવસ આનંદમય પસાર થાય. આરોગ્યની કાળજી રાખવી. એકંદરે સમય સારો.

મિથુન(ક.છ.ઘ.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ. આરોગ્યની ખૂબ જ સંભાળ લેવી.

કર્ક(ડ.હ.) :- વેપાર અર્થે થયેલા પ્રવાસ લાભદાયી બની રહે. નાણાની ભીડ દૂર થાય.

સિંહ(મ.ટ.) :- સટ્ટાકીય કાળજી રાખવી. પ્રવાસથી લાભ થાય. એકંદરે સમય શુભ લાભદાયી બની રહે. આવક જળવાઈ રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઊભા થાય. નોકરી-ધંધામાં રાહત રહે. આરોગ્ય જળવાઈ રહે.

તુલા(ર.ત.) :- નોકરીમાં બઢતી-ચઢતીની શક્યતા. આકસ્મિક ધન લાભ થાય.

વૃશ્ચિક(ન.ય.) :- જમીન-વાહન-મકાનના યોગ. નાણાકીય સ્થિતિ મજબૂત જણાય. ચિંતા હળવી બને.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- ધંધામાં જવાબાદરી વધે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે. મિલન-મુલાકાત સફળ થાય.સ્ત્રીવર્ગ માટે ઉત્તમ સમય.

મકર(ખ.જ.) :- આવકનું પ્રમામ જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી થાય. રાજકીય લાભ થાય. યાત્રા-પ્રવાસ સફળ બને.

કુંભ(ગ.શ.સ.) :- વેપાર-નોકરી ક્ષેત્રે પ્રગતિ થાય. વિવાહ લગ્ન સંબંધી ઉત્તમ સમય. ધંધાકીય પ્રશ્નો ઉકેલી શકશો.

મીન(દ.ચ.ઝ.) :- ધાર્મિક યાત્રા-પ્રવાસના યોગ, આકસ્મિક ધન લાભ થાય. રોજગારીની નવી તકો ઊભી થાય.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## પાણી ચોરીનો પર્દાફાશ : ઝાલોદના જેતપુરમાં માછણનાળાની પાઈપ લાઈનમાંથી પાણીની ચોરી

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના જેતપુરમાંથી પસાર થતી માછણનાળા યોજનાની પીવાનાં પાણીની પાઈપ લાઈનનો વાલ ઘણી વાર સ્થાનિકો ખોલીને પાણી મેળવતા હોય છે, પરંતુ તેને લીધે પાણીનો વેડફાટ પણ થાય છે. હાલમાં પણ વાલ ખોલી નાખતા ફરીથી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. આ અંગે પુરવઠા વિભાગે પાણી બંધ કરવાની કામગીરી હાથ ધરી હોવાનું જાણવા મળ્યુ છે.

પાણી માટે વિવિધ યોજનાઓ કાર્યરત : દાહોદ જિલ્લામાં પીવાના પાણી ઘર ઘર સુધી પહોંચે તેવા હેતુથી કરોડો રુપિયાના ખર્ચે પાણી પુરવઠા વિભાગની વિવિધ યોજનાઓ કાર્યરત છે. જેમાં ભાણાસીમળ યોજના, કડાણા યોજના, માછણનાળા યોજના તેમજ હાલમાં જ હાફેશ્વર યોજના કાર્યાન્વિત કરવામાં આવી છે. આ સિવાય પણ ગામડે ગામડે મીની પાણી પુરવઠા યોજનાઓ ચાલી રહી છે. બીજી તરફ જિલ્લામાં પાણી ચોરીની ઘટનાઓ પણ નવી નથી.

વાલ ખોલી નાંખતા પાણીનો વેડફાટ : પાણી મેળવવા માટે ઘણી વખત પાઈપલાઈનમાં ભંગાણ કરવામાં આવે છે. તેને કારણે પાણીનો વ્યય થાય છે. તેવી જ રીતે હાલમાં પાણી ચોરીનો નવો કીમીયો જાણવા મળ્યો છે.તે પ્રમાણે ઝાલોદ તાલુકામાં કાર્યરત માછણંનાળા યોજના જેતપુર ગામમાંથી પસાર થાય છે. તેની પાઈપ લાઈનનો વાલ બે દિવસથી કોઈ ખોલીને કુવો ભરીને ફરીથી વાલ બંધ કરી દેવામાં આવે છે. જ્યારે વાલ ખોલવામાં આવે છે ત્યારે પાણીનો વ્યાપક પ્રમાણમાં વેડફાટ થાય છે. શુક્રવારે પણ વાલ ખોલી દેવામાં આવ્યો હતો ત્યારે શનિવારે પણ ફરીથી બપોરે વાલ ખોલી દેતાં પાણીના ફુવારા ઉડ્યા હતા.

વાલ ખોલી નાખવામાં આવે છે : ઝાલોદ વિભાગના માંછણનાળા વિભાગના ઈજનેરે જણાવ્યુ હતુ કે, જેતપુરમાં પાઈપલાઈનમાં ભંગાણ કરવામાં નથી આવ્યુ પણ વાલ ખોલી નાખવામાં આવે છે. ગઈકાલે પણ વાલ ખોલીને કુવો ભરી દેવામાં આવ્યો હતો ત્યારે આજે પણ ફરી વાલ ખોલી નંખયો હતો. સ્થાનિકો પાણી લઈને ફરી વાલ બંધ પણ કરી દેતાં હોય છે.

## લીમખેડાના પાણીયા ગામે બાઈક ચાલકે રાહદારી મહિલા સહિત બે વ્યકિત ઈજાઓ પહોંચાડી

દાહોદ,

લીમખેડા તાલુકાના પાણીયા ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી રસ્તાની સાઈડમાં ચાલતાં જતાં એક મહિલા સહિત બે જણાને અડફેટમાં લઈ મોટરસાઈકલ પાડી દેતાં પાછળ બેઠેલ વ્યકિતને પણ શરીરે ઈજાઓ પહોંચાડી નાસી ગયાનું જાણવા મળે છે.

ધર્મેન્દ્રભાઈ સોમાભાઈ ડામોર ગત તા.૦૩મી ફેબ્રુઆરીના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ પર પ્રવિણભાઈને પાછળ બેસાડી લીમખેડા તાલુકાના પાણીયા ગામેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ધર્મેન્દ્રભાઈ પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતાં અચાનક મોટરસાઈકલ પરનો કાબુ ગુમાવી દેતાં રસ્તાની સાઈડમાં ચાલતાં જતાં મહેન્દ્રકુમાર ભારતભાઈ પટેલ (રહે.પ્રતાપપુરા) અને કમળાબેન ગણપતભાઈ પટેલ (રહે.વણઝારીયા) આ બંન્ને અડફેટમાં લીધાં હતાં અને મોટરસાઈકલ પાડી દેતાં પાછળ બેઠેલ પ્રવિણભાઈને પણ ઈજાઓ પહોંચાડી ધર્મેન્દ્રભાઈ મોટરસાઈકલ મુકી નાસી જતાં આ સંબંધે દેવગઢ બારીઆ તાલુકાના તોયણી ગામે રહેતાં ભારતભાઈ પારસીંગભાઈ પટેલે લીમખેડા પોલીસ મથકે ગત તા.૧૩મી માર્ચના રોજ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીઆના માંડલ ગામે બાઈક ઉપર લવાતો ૫૧ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના માંડવ ગામેથી પોલીસે એક મોટરસાઈકલ પરથી કંતાનના થેલામાં ભરી રાખેલ વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૫૧,૫૪૦ ના પ્રોહી જથ્થા સાથે રૂા.૨૫,૦૦૦ની મોટરસાઈકલ કબજે લઈ પોલીસે કુલ રૂા.૭૬,૫૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે જ્યારે મોટરસાઈકલ ચાલક પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.

અ ` ક મોટરસાઈકલનો ચાલક ગત તા.૧૩મી માર્ચના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ પર વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો કંતાનના ભરી હેરાફેરી કરવાના ઈરાદે માંડવ ગામેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે ત્યાં ઉભેલ પોલીસને જોઈ મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ સ્થળ પરજ મુકી નાસી જતાં પોલીસે મોટરસાઈકલની નજીકથી એક કંતાનના થેલામાંથી વિદેશી દારૂ અને બીયરની કુલ બોટલો નંગ.૩૩૬ કિંમત રૂા.૫૧,૫૪૦ ના પ્રોહી જથ્થા સાથે મોટરસાઈકલ કબજે લઈ મોટરસાઈકલના ચાલક વિરૂદ્ધ સાગટાળા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆના કેળકુવા ગામની યુવતિનો ફોટો અને લખાણ વોટસએપ ઉપર વાયરલ કરી ધાકધમકી આપતા ફરિયાદ

દાહોદ,

દે.બારીયા તાલુકાના કેળકુવા ગામના યુવકે તેના જ ગામની ૨૧ વર્ષીય યુવતીના ફોટા તથા લખાણ તેના મોબાઈલના વોટ્સએપથી વાયરલ કરી તથા મોબાઈલથી તે યુવતીના ઘરવાળાઓને ફોન કરી જાનથી મારી નાખવાની ધાકધમકી આપ્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા તાલુકાના કેળકુવા ગામના નરેશભાઈ પર્વતભાઈ બારીયાએ ગત તા.૧૦.૩.૨૦૨૧ના રોજ સવારમા નવેક વાગ્યાના સુમારે દેવગઢ બારીયા તાલુકામાં રહેતી એક ૨૧ વર્ષીય યુવતીના અશ્લીલ ફોટા તથા લખાણ તેના મોબાઈલથી વોટ્સએપથી વાયરલ કર્યા હતા તથા મોબાઈલથી ફોન કરી પારૂલબેનના ઘરવાળાઓને જાનથી મારી નાખવાની ધાકધમકીઓ આપી હતી.

આ સંબંધે યુવતીના વાલી વાયરસ દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથક ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સરકારે તેલમાં ૪૦ ટકા ઈમ્પોર્ટ ડ્યૂટી લાદવામાં આવતા તેલના ભાવમાં વધારો થયો




વડોદરા,

વડોદરામાં કોનફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સની મળેલી બેઠકમાં ગુજરાતના પ્રમુખ પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા તેલમાં ૪૦ ટકા ઈમ્પોર્ટ ડ્યુટી લાદવામાં આવતા તેલના ભાવમાં વધારો થયો છે. સરકાર ભલે દાવો કરતી હોય કે જી.એસ.ટી. સફળ થયું છે. પરંતુ દેશમાં જી.એસ.ટી. સફળ થયું ન હોવાનું તેઓ આક્ષેપ કર્યો હતો.

વડોદરા શહેર ખાતે આવેલી એક હોટલમાં સમગ્ર વડોદરા વેપાર વિકાસ એસોસિએશન દ્વારા કોનફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સી.એ.આઈ.ટી.ના ચેરમેન મહેન્દ્રભાઈ શાહ, મહામંત્રી પ્રવીણભાઈ ખંડેલવાલ, જી.એસ.ટી. કમિટીના ચેરમેન શ્રીમતી પૂનમબેન જોશી અને ગુજરાતના પ્રમુખ પ્રમોદભાઈ ભગત ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જી.એસ.ટી.માં પડી રહેલી મુશ્કેલીઓ અંગે પોતાના વિચારો રજૂ કરવા માટે ગુજરાતના ૧૦૦ જેટલા વેપારી આગેવાનો જોડાયા હતા.

સીએઆઈટીના ચેરમેન મહેન્દ્રભાઈ શાહે જણાવ્યું હતું કે જીએસટી માટે સરકારી અધિકારીઓની દાદાગીરી વધી રહી છે. અધિકારીઓ દ્વારા વેપારીઓ ઉપર જુલમ ગુજારવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. આગામી માસમાં દેશભરના વેપારીઓ ટેક્સ અને જીએસટી નહીં ભરવા માટે આંદોલનનો માર્ગ અપનાવવાના છે. ગુજરાત પ્રદેશ પ્રમુખ પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે તેલમાં સરકારે ૪૦ ટકા ઈમ્પોર્ટ ડ્યુટી વધારી હોવાના કારણે તેલના ભાવ ભડકે બળી રહયા છે. ઈમ્પોર્ટ ડ્યુટી જ્યાં સુધી ઓછી કરવામાં આવે નહિ આવે ત્યાં સુધી તેલના ભાવ ઓછા થવા અશક્ય છે. તેલના ભાવમાં વધારો થતાં રાજ્યના ફરસાણના વેપારીઓની હાલત કફોડી બની ગઈ છે. દેશમાં જીએસટી સંપૂર્ણ નિષ્ફળ ગયું હોવાનું પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

## ટી-૨૦ મેચમાં આત્મવિલોપન કરવાની ચિમકી આપનાર પંકજ પટેલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ




અમદાવાદ,

મોટેરામાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે પહેલી ટી-૨૦ મેચ જો રમાશે તો આત્મવિલોપન કરવાની ધમકી આપનાર ગાંધીનગરના પંકજ પટેલ સામે ચાંદખેડાના પીઆઈ કે.વી.પટેલે ફરિયાદ નોંધાવી છે. પંકજ પટેલે પીઆઈને ફોન કરી ધમકી આપી હતી કે, મોટેરાના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ દરમ્યાન હજારો લોકો ભેગા થશે જેથી કોરોનાં નહિ ફેલાય? અને વાતચીત દરમિયાન મુખ્યમંત્રી વિજય રૂપાણીને લાફો મારવાની વાત કરી હતી. આ વાતચીતનું ઓડિયો રેકોર્ડિંગ પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયું હતું. જેથી પીઆઈ પટેલે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

૧૨ માર્ચથી મોટેરામાં નરેન્દ્ર મોદી ખાતે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે પહેલી ટી-૨૦ મેચ સીરીઝની શરૂઆત થઈ છે, જેમાં પહેલી મેચના એક દિવસ પહેલા ચાંદખેડાના પીઆઈ કે.વી પટેલના મોબાઈલ પર ગાંધીનગરના રહેવાસી પંકજ પટેલનો ફોન આવ્યો હતો. ફોનમાં પંકજ પટેલે પીઆઈને કહ્યું હતું કે, આવતી કાલે હું લેખિતમાં આપીશ, પણ આ મેચમાં આ મેદની ભેગી થવી જોઈએ નહીં. નહિ તો તમારી હદના પોલિસ સ્ટેશનમાં કેસ કરી એના પર હાઈકોર્ટમાં જઈશુ અથવા આત્મવિલોપન કરીશુ બોલો શુ કેવું છે તમારે? સરકાર ગમે તેમ બનાવે એ તો ના ચાલે ને સાહેબ. કરોડોનો દંડ લોકો પાસે વસુલવાનો અને લોકોને જ બનાવવા ના? તમારે ને સરકારે ભેગા થઈ. તમને પોતાને ખબર ના પડે આટલી જન મેદની ભેગી ના થવી જોઈએ.

પીઆઈ પટેલે આ મામલે ગાંધીનગર કંટ્રોલમાં ફોન કરી તકેદારી પગલાં અંગે જાણ કરી હતી. મેચ ન રમાવવા માટે શાંતિ સુલેહનો ભંગ અને ધમકી આપતા પીઆઈ પટેલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## પાટીદાર નેતા અલ્પેશ કથિરીયાની એટ્રોસિટી કેસમાં પોલીસે ધરપકડ કરી



સુરત,

કોંગ્રેસ નેતા હાર્દિક પટેલના સાથી અને પાટીદાર અનામત આંદોલન સમિતીના કન્વીનર અલ્પેશ કથીરિયાની ગઈકાલે મોડી રાત્રે સુરત એસઓજી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણી દરમિયાન થયેલી બબાલ બાબતે અલ્પેશ કથીરિયાની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ફરિયાદી અને અલ્પેશ કથીરિયા વચ્ચે મારામારી થઈ હોવાનો આક્ષેપ છે. આ મામલે કામરેજ પોલીસે એટ્રોસિટીનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, સુરત મહાનગર પાલિકાની ચૂંટણી દરમિયાન વેલંજા પ્રાથમિક શાળામાં મતદાનની પ્રક્રિયા ચાલી રહી હતી. જ્યાં બીટીપીના કાર્યકર્તાઓ રોડની બાજુમાં બેસીને પોતાની મારુતિ વાનમાં બેસીને સ્લીપની વહેંચણી કરતાં હતા.

પાસ નેતા અલ્પેશ કથીરિયાની આગેવાનીમાં ૧૫૦ થી ૨૦૦ જેટલા માણસો આ દરમિયાન "જય સરદાર, જય પાટીદાર"ની ટોપી પહેરીને બાઈક અને કાર પર આવીને ભારતીય ટ્રાઈબલ પાર્ટીના કાર્યકર્તાઓને જાતિ વિષયક ગાળો ભાંડીને લાકડીથી ફટકાર્યા હતા. આટલું જ નહીં, પાસના કાર્યકરોએ ૩૦૦૦ રૂપિયાની લૂંટ કરીને જાતિવિષયક શબ્દો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

## ટૂંક સમયમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો થશે: ધર્મેન્દ્ર પ્રધાન



ન્યુ દિલ્હી,

કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણના ભાવવધારાને કારણે ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો જોવા મળ્યો છે.

પ્રધાને કહ્યું કે પેટ્રોલ-ડીઝલનો ભાવવધારો ક્ષણિક છે અને તેને ધીરે ધીરે ઓછો થઈ જશે. કોરોના મહામારીના સમયગાળા બાદ અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા કેન્દ્ર અને રાજ્ય બન્ને સરકાર પેટ્રોલ-ડીઝલ પર ટેક્સ વસૂલી રહી છે. થોડા સમયમાં ઈંધણના ભાવમાં ઘટાડો જોવા મળશે.

ઉલ્લેખનીય છે કે ચાલુ મહિનાની શરુઆતમાં નાણાપ્રધાન નિર્મલા સીતારામણે પણ જણાવી ચૂક્યા છે કે પેટ્રોલ-ડીઝલના ભાવવધારો એક એવો મુદ્દો છે જેની પર રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે ચર્ચા કરવી જોઈએ કારણ કે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ પર ફક્ત કેન્દ્ર સરકાર જ ટેક્સ વસૂલતી નથી. રાજ્ય સરકારો પણ પોતાની રીતે ટેક્સ વસૂલતી હોય છે. વારાણસીમાં મીડિયા સાથે વાતચીત કરતા તેલ મંત્રીએ કહ્યું કે ગત વર્ષ એપ્રિલમાં પ્રમુખ તેલ ઉત્પાદક દેશોએ ઉત્પાદનમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો. કેમ કે કોરોનાની મહામારીના ચાલતા માંગમાં ઘટાડો આવ્યો હતો. આ દેશ વધારે કમાણીના ચક્કરમાં ઓછા ઈંધણનું ઉત્પાદન કરી રહ્યા છે. જ્યારે હજું પણ ઈંધણનું ઉત્પાદન ઓછું કરવામાં આવી રહ્યું છે. ઈંધણની માંગ આ સમયે વધી રહી છે. આનું કારણ એ છે કે હવે કોરોના વાયરસની જે સ્થિતિ પહેલા હતી તેવી નથી. માંગ વધારે વધવાના કારણે દેશમાં પેટ્રોલ ડીઝલના ભાવ વધ્યા છે.

## અમદાવાદની રાજપથ-કર્ણાવતી ક્લબમાં ધૂળેટીના પર્વની ઊજવણી રદ

અમદાવાદ,

આગામી ૨૯મી માર્ચે ધૂળેટી આવી રહી છે, બીજી તરફ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પછી કોરોનાએ ફરી એકવાર ગુજરાતમાં ઉથલો માર્યો છે. ત્યારે આગામી સમયમાં આવી રહેલી ધૂળેટીને લઈ શહેરની નામાંકિત બે કલબોએ મહત્વનો નિર્ણય લીધો છે. કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને કલબોમાં આ વર્ષે ધૂળેટી ધામધૂમથી નહિં ઉજવાય.

શહેરની નામાંકિત બે કલબોએ આ મહત્વનો નિર્ણય લીધો છે. રાજપથ અને કર્ણાવતી કલબે નિર્ણય લીધો છે. કોરોનાનું સંક્રમણ વધતા કલબમાં ધૂળેટી નહીં ઉજવાય. કલબ મેમ્બરોને પોતાના ઘરે ધૂળેટી ઉજવવા અપીલ કરી છે.

## નોર્થ-ઈસ્ટના સન્માન માટે ભાજપ સરકાર કટિબદ્ધ: આસામમાં રાજનાથ બોલ્યા



ગૌહાટી,

આસામ વિધાનસભાની ચૂંટણીમાં હવે ગણતરીના દિવસો બાકી છે. તેને જોતા દેશના સંરક્ષણ પ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારક રાજનાથ સિંહ આસામના પ્રવાસ પર છે. તેઓ ત્રણ ચૂંટણી સભાઓને સંબોધન કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે કોંગ્રેસ સરકાર પર જોરદાર પ્રહાર કર્યા હતા. રાજનાથસિંહે કહ્યું કે કોંગ્રેસની સરકાર આસામમાં ૧૫ વર્ષથી હતી પરંતુ રાજ્યમાં વિકાસના નામે કશું થયું નથી. આસામ સરકારની પ્રશંસા કરતા રાજનાથસિંહે કહ્યું કે કોંગ્રેસ સોનોવાલ સરકાર દ્વારા ૧૫ વર્ષમાં વિકાસના મામલે જે સફળતા હાંસલ કરી શકી નથી.

રાજનાથસિંહે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ સરકાર સંપૂર્ણ ઉત્તર-પૂર્વના સન્માન માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. વિપક્ષ પર પ્રહાર કરતા રાજનાથસિંહે કહ્યું કે સંગીતના ક્ષેત્રમાં સમ્રાટ ભૂપેન હજારિકાને કોઈએ માન આપ્યું નથી. તેમનું નેતૃત્વ ભારત રત્નની આગેવાનીમાં મોદીની આગેવાનીવાળી ભાજપ સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. રાજનાથસિંહે હાલની સરકારની ઉપલબ્ધિઓ ગણાવી જણાવ્યું હતું કે રાજ્યભરના ઘરોમાં શૌચાલયો બનાવવા બદલ હું રાજ્ય સરકારને અભિનંદન આપવા માંગુ છું. મને કહેવામાં આવ્યું છે કે આસામના તમામ જિલ્લાઓ હવે ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત છે. રાજનાથસિંહે કહ્યું કે, સર્વાનંદ સોનોવાલની સરકારમાં કોઈ પણ મંત્રી વિરુદ્ધ કોઈ આરોપ નથી. આ સાથે જ તેમણે લોકોને ખાતરી આપી કે જો તેમનો પક્ષ ફરીથી સત્તામાં આવશે તો વિકાસનું ચક્ર આ રીતે ચાલુ રહેશે.

રાજનાથસિંહે કહ્યું કે ત્રિપુરામાં અમારી સરકારની રચના કરવામાં આવી છે, હવે બંગાળમાં પણ આસામની રચના થવાની છે. ત્રિપુરા, આસામ, પશ્ચિમ બંગાળની સરહદો બાંગ્લાદેશની છે, જો અહીં ભાજપ સરકાર બને છે, તો બાંગ્લાદેશથી ભારત આવતા મોટાભાગના માર્ગો અવરોધિત થઈ જશે અને બાંગ્લાદેશી ઘુસણખોરો ભારતમાં પ્રવેશ કરી શકશે નહીં. આપને જણાવી દઈએ કે આ વખતે આસામમાં ત્રણ તબક્કામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે, પ્રથમ તબક્કામાં ૨૭ માર્ચે મતદાન થશે, બીજા તબક્કાના મત ૧ એપ્રિલે અને ત્રીજા તબક્કાના મતદાન ૬ એપ્રિલે થશે. ચૂંટણીનું પરિણામ ૨ મેના રોજ આવશે. નોંધપાત્ર વાત એ છે કે આસામમાં વિધાનસભા બેઠકોની સંખ્યા ૧૨૬ છે.

## રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા નિર્દેશક એસપી જનાનાથનું નિધન



ચેન્નાઈ,

રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા નિર્દેશક એસપી જનાનાથનનું આજે એટલે કે રવિવારે સવારે ૧૦ વાગ્યે ચેન્નઈની અપોલો હોસ્પિટલમાં નિધન થયું છે. થોડા દિવસો પહેલા તે પોતાના ઘરે બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા, ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. દિગ્દર્શક અરૂમુગકુમારનાં કહેવા મુજબ, તેમને આજે હાર્ટ એટેક આવ્યો હતો, જેના કારણે તેમનું મોત નીપજ્યું છે.

એસપી જનાનાથનનો જન્મ ૭ મે ૧૯૫૯નાં રોજ થયો હતો. તેઓ એક ભારતીય ફિલ્મ નિર્દેશક અને પટકથા લેખક હતા. નિર્દેશક તરીકે તેમની પહેલી ફિલ્મ ઈયારકઈ હતી. વળી તેમને ૨૦૦૪ માં તમિલમાં સર્વશ્રેષ્ઠ ફીટર ફિલ્મનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો હતો. મળી રહેલી માહિતી અનુસાર, ૧૪ માર્ચ ૨૦૨૧ નાં રોજ લગભગ ૧૧.૨૦ વાગ્યે તેઓ બેભાન થઈ ગયા હતા જે પછી તેમનુ નિધન થયુ હતુ.

## ક્રિકેટ સ્ટેડિયમમાં ભીડ કોરોનાના કેસો વધારી શકે છે: સિવિલ હોસ્પિ.સુપ્રિ.

અમદાવાદ,

અમદાવાદમાં વધતા કોરોનાના કેસોએ ડોક્ટરોની ચિંતા વધારી છે. ત્યારે સિવિલના એડિશનલ સુપરિટેન્ડેન્ટ રાકેશ જોશીએ ચિંતા વધારનારું નિવેદન આપ્યું છે. સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપરિટેન્ડેન્ટે જણાવ્યું હતું કે, ક્રિકેટ સ્ટેડિયમમાં ભીડ કોરોનાના કેસોને વધારી શકે છે. આ સાથે જ એવું પણ જણાવ્યું હતું કે, આ પ્રકારે ભીડ થશે તો કોરોનાની ત્રીજી લહેર દૂર નથી. ડૉ.રજનીશ પટેલે એવું પણ જણાવ્યું હતું કે, સિવિલ તંત્ર દ્વારા વધતા કેસ સામે તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે. હાલ સિવિલ હોસ્પિટલમાં કોરોનાના ૮૬૭ દર્દીઓ છે. અમદાવાદમાં ૧૫ દિવસમાં દર્દીઓનો ધસારો બમણો થયો છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ અને સુરત ફરીવાર કોરોનાનું કેન્દ્ર બની રહ્યા છે અને સ્થિતિને ધ્યાનમાં રાખીને મહાનગરોમાં ડોર ટુ ડોર સર્વે શરૂ કરવામાં આવ્યો છે તો તકેદારીના ભાગરૂપે કોવિડ-૧૯ના નિમયોનું પાલન ગંભીરતા પૂર્વક થાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે.

સુરતમાં શાળા અને કોલેજો શરૂ થતાંની સાથે જ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે મહાનગરપાલિકાના કમિશનર બંછાનિધિ પાનીએ સૂચન કર્યું છે ઓનલાઈન અભ્યાસ કરાવવામાં આવે. સંક્રમણ વધુ ન ફેલાય તે માટે આ સૂચન કરવામાં આવ્યું છે. કોચિંગ કલાસીસને પણ ઓનલાઈન કરનવામાં આવે તે માટે સૂચન કરવામાં આવ્યું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 171

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ સમાચારની નમ્ર અપીલ

# ગોધરાના ૩ માસના ધૈર્યરાજસિંહના આરોગ્ય સારવાર માટે લોકો કરે આર્થિક મદદ

ગોધરા,

સોશિયલ મીડિયામાં હાલ ટ્રેન્ડમાં આવેલા ગોધરાના ધૈર્યરાજસિંહ હવે રાજ્ય સહિત દેશભરના લોકો પરિચિત બન્યા છે. સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોપી ૧ (Spinal Muscular Atrophy 1) નામની બીમારીથી પીડાતા આ બાળકના ઈલાજ માટે મુકવા પડતા રૂ.૧૬ કરોડના ઈન્જેક્શન માટે ક્રાઉડ ફન્ડિંગની શરૂઆત બાદ અત્યાર સુધીક.૩૬ કરોડ થઈ છે. પંચમહાલ સમાચારના માધ્યમો દ્વારા દાન માટે કરવામાં આવેલી અપીલ રંગ લાવી છે અને વધુમાં વધુ લોકો દાન કરે તેવી અપીલ કરવામાં આવી રહી છે.

પંચમહાલ જિલ્લાના ગોધરામાં રહેતા અને મૂળ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના કાનસર ગામના રાજદીપસિંહ રાઠોડના પુત્ર ધૈર્યરાજસિંહ રાઠોડનો જન્મ થયા બાદ ૩ મહિનાની ઉંમરમાં પુત્રમાં શારીરિક ઉણપ હોવાની પિતા






રાજદીપસિંહને શંકા જતા પ્રથમ ગોધરા ખાતે બાળરોગના તબીબ પાસે સારવાર માટે પોતાના પુત્રને લઈ ગયા હતા, જ્યાંથી બાળકને વધુ તબીબી પરિક્ષણ માટે અમદાવાદની રોયલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાઈલ્ડ ન્યુરોસાયન્સ નામની તબીબી સંસ્થામાં મોકલવામાં આવ્યું હતું. જ્યાં બાળકના તમામ જરૂરી પરીક્ષણો બાદ જાણવા મળ્યું હતું કે ૩ માસના ધૈર્યરાજને એસ.એમ.એ ૧ નામની બીમારી છે. પ્રથમ તો બાળકના પિતાને બીમારીનું નામ જાણીને આઘાત ન લાગ્યો કેમકે તે બીમારી વિશે તેઓ સંપૂર્ણ જાણકારી ધરાવતા જ ન હતા, પરંતુ આ બીમારીના ઈલાજ માટે અધધધ કહી શકાય એટલા રૂ. ૨૨.૫ કરોડના ઈન્જેક્શનની જરૂર છે.

આમ પોતાના પુત્રની સારવાર માટે મક્કમ બનેલા રાજદીપસિંહએ ખાનગી સંસ્થા સાથે મળીને ક્રાઉડ ફન્ડિંગની મદદથી ૧૬ કરોડ મેળવી પોતાના પુત્રની સારવાર કરવાનું નક્કી કર્યું હતું. શરૂઆતમાં આ ક્રાઉડ ફન્ડિંગની મદદથી આવતું દાન ખૂબ જ ધીમી ગતિએ આવતું હતું, શરૂઆતના તબક્કે આવતા દાનની ગતિ પ્રમાણે ૩ વર્ષનો સમય લાગે તેમ હતો ૧૬ કરોડની રકમ એકત્ર કરવામાં જ્યારે ધૈર્યરાજને માત્ર ૧ વર્ષના સમયગાળામાં જ આ ઈન્જેક્શન મુકવાનું તબીબીઓએ જણાવ્યું હતું.

બાદમા પંચમહાલ સમાચાર દ્વારા દાતાઓને અપીલ કરવામાં આવતાં સેવાભાવીઓ પોતાની સામાજિક ફરજ સમજીને ધૈર્યરાજને મદદ કરવાનું નક્કી કરી નાગરિકોને દાન આપવાની અપીલ ટીવી તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી કરતા આ મહાઅભિયાનમાં જોડાયા તો બીજી તરફ અનેક યુવક મંડળો, સામાજિક સંસ્થાઓ આગળ આવી અને ધૈર્યરાજ માટે દાન એકત્ર કરવાની જાતે જ જવાબદારી સ્વીકારી અને તેના પરિણામ સ્વરૂપ માત્ર ૫ દિવસના ટૂંકા સમયમાં ૬.૩૬ કરોડ રૂપિયાનું દાન એકત્ર કરવામાં સફળતા મળી છે. જોકે હાલ પણ દાનની મોટી રકમની જરૂરિયાત છે. ધૈર્યરાજની સારવાર માટે જરૂરી કુલ ૧૬ કરોડ્ની જરૂરીયાત છે.

## અખિલ ભારતીય યુવા મોરચા દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

એસએમએ-૧ થી પિડાતા ધૈર્યરાજસિંહ ને સારવારની મદદ મળે તે માટે દાતાઓ દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. ગોધરા શહેરમાં સેવા કાર્યકારી સંસ્થા અખિલ ભારત હિન્દુ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ આશીષ પટેલે આ બાળકને આર્થિક મદદ થાય તે માટે અપિલ કરવામાં આવી છે. એટલું જ નહીં પ્રમુખ શિવ ઓમ મિશ્રા દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવીને બાળકને આરોગ્ય સારવાર મળે તેવી માંગ કરવામાં આવી છે.

## હાલોલમાં છુટા હાથે દાન કરતા લોકો

ધૈર્યરાજને મદદરૂપ થવા માટે દરેક તાલુકામાં લોકો દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અને તેને આર્થિક મદદનો ધોધ વરસી રહ્યો છે. જેના ભાગરૂપ હાલોલમાં યુવાનો દ્વારા અભિયાન શરૂ કરવામાં આવતાં બસ સ્ટેન્ડ, શાકમાર્કેટ જેવા સ્થળો એ યુવાનો મદદરૂપ થઈ રહ્યા છે. અને તેના ઈલાજ માટે રકમ એકત્રિત કરી રહ્યા છે. હાલોલ નગરમાં લોકો છુટા હાથે મદદરૂપ થઈ રહયા છે.

## મુખ્યમંત્રી રાહત ફંડ મદદ માટે શહેરા ધારાસભ્યની રજુઆત

ત્રણ માસનો બાળક ધૈયરાજસિંહ એસ.એમ.એ-૧નામની બીમારીથી પીડાઈ રહ્યો છે.જેને આર્થિક મદદ કરવા માટે અભિયાન ચાલી રહ્યુ છે. શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે આ બાળકની સારવાર માટે મુખ્યમંત્રી રાહતફંડમાથી સહાય આપવામા આવે તેવી ભલામણ કરતો લેખિતપત્ર લખીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રજુઆત કરી છે.અને મુખ્યમંત્રી રાહતફંડમાથી સારવાર માટે સહાય મંજુર કરવા માટે ધારાસભ્ય એ ભલામણ કરી છે.

# ગોધરાના ધોળાકુવા ગામે પત્નીએ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી અકસ્માતમાં ખપાવવાનું કાવતરું

ગોધરા,

ગોધરા ના ધોળા કુવા ગામે રહેતા યુવાનની પત્નીના પ્રેમીએ પ્રેમ સંબંધોમાં આડે આવતાં હોય જેને લઈ ધારદાર હથિયાર થી ગળુ કાપીને અકસ્માતમાં ખપાવી દેવાની કોશીષ કરી પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરી હત્યાના ગુનામાં મરણજનારની પત્ની અને હત્યારા પ્રેમીની ધરપકડ કરવામાં આવી.



પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરાના ધોળાકુવા ગામે રહેતા રાજેશકુમાર ઉર્ફે રાજુ ગુલાબભાઈ માવીની પત્ની સુરેખા ઉર્ફે સુર્યાના દોઢ વર્ષથી પિન્ટુ વિનોદભાઈ બારીયા સાથે આડા સંબંધો ધરાવતા હતો બન્ને વચ્ચે પ્રેમ સંબંધ હોય જેને લઈ પિન્ટુ બારીયા ૮ મહિના અગાઉ ભગાડી ગયો હતો. જે મામલો પંચરાહે સમાધાન કરીને સુરેખાને તેના પતિ રાજુભાઈ માવીને સોંપવામાં આવી હતી. તેમ છતાં સુરેખા અને પિન્ટુ બારીઆ વચ્ચે આડા સંબંધો ચાલુ રહ્યા હતા. પ્રેમ સંબંધોમાં આડે આવતાં સુરેખાના પતિ રાજુ માવીનું કાસળ કાઢવાના ઈરાદા સાથે પિન્ટુ બારીઆ એ રાજુ માવીને ધોળાકુવા પત્થરની ફેકટરી પાસે બોલાવ્યો હતો. રાજુ કઈ સમજે ને પહેલા પિન્ટુ બારીઆ એ ધારદાર હથિયારના ઘા ગળાના ભાગે મારીને હત્યા કરી નાખી હતી. રાજુ માવીની હત્યાને અકસ્માતમાં અપાવવા માટે પિન્ટુ બારીઆ એ રાજુ માવીની રીક્ષા પથ્થર ફેકટરી સામે હાઈવે બાજુના ખાડામાં ગબડાવી દીધી હતી. તેમજ રીક્ષાની રીક્ષાના કાચ અને બોડીને નુકશાન કરી અકસ્માતમાં ખપાવવાનું કાવતરું રચ્યું હતું.

આ બાબતે ગીતાબેન રાવી એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી અને ગણતરીના કલાકોમાં રાજુ માવીની હત્યા કરનાર હત્યારા પિન્ટુ બારીઅ અને સુરેખાની અટકાયત કરી હતી. ધરપકડ કરાયેલ બન્ને આરોપીઓના કોવિડ ટેસ્ટ કરાવાની તજવીજ હાથ ધરી છે.

# શહેરાના લાભી ગામે તળાવ સુકાતા પાનમ કેનાલના પાણીથી ભરવા લોકમાંગ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામાં કેટલાક ગામોમાં તળાવો આવેલા છે,જેનો ઉપયોગ લોકો ખેતીકામ માટે તેમજ પશુઓને પાણી પીવડાવા માટે ઉપયોગ કરે છે. ઉનાળો આવતાની સાથે પાણીની સમસ્યા હાલ ઉભી થાય છે અને તળાવો સુકાઈ જાય છે. ત્યારે શહેરા તાલુકાના લાભી ગામમાં આવેલ સિંચાઈ તળાવનો ઉપયોગ ગામના લોકો શિયાળુ ખેતી કરવા માટે કરતા હોય છે. ચોમાસામાં સારો એવો વરસાદ થતા તળાવ પાણીથી ભરાઈ જતુ હોય છે.પરંતુ ખેતીના ઉપયોગમા પાણીનો ઉપયોગ પણ એટલો જ થતો હોય છે. જેને લઈને હાલ ઉનાળાની શરુઆત થાય તે પહેલા પાણી ખાલી થઈ ગયુ છે. આ તળાવમાં પાનમ સિંચાઈ કેનાલમાંથી પાણી ભરવામાં તેવી માંગ આ વિસ્તારના લોકો કરતા હોવાનું જાણવા મળે છે. કારણ કે તળાવની બાજુમાથી પાનમહાઈ લેવલ કેનાલ પસાર થાય છે.આ કેનાલમાથી ઘણી વખત આ તળાવને પાણીથી ભરવામા આવ્યુ હોવાનું પણ જાણવા મળે છે.

# શહેરા પટીયા ગામે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

શહેરા,

શહેરા પોલીસ મથકના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ.પ્રજાપતિની સુચના આધારે સ્થાનિક પોલીસ વાઘજીપુર ચોકડી ઉપર પેટ્રોલીંગમાં હતી ત્યારે એક ખાનગી બાતમી દાર થી બાતમી મળી હતી કે નગરપાલિકા વિસ્તારના પટિયા ગામના નિશાળ ફળિયામાં રહેતો બળવંત છત્રાભાઈ પટેલીયા પોતાના ઘરે વિદેશી દારૂ રાખી વેચવાનો ધંધો કરે છે આ અંગેની બાતમીના આધારે પોલીસે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા વિદેશી દારૂના ૧૮૦ એમ.એલના ૫૪ નંગ પ્લાસ્ટિકના કવાટરિયા જેની કિંમત રૂ.૫૪૦૦ નો વિદેશી દારૂ મળી આવ્યો હતો.પોલીસની રેડ દરમિયાન બળવંત પટેલિયા પોતાના ઘરે હાજર ન હતો. આ મામલે પોલીસ મથકે બળવંત પટેલિયા સામે પ્રોહીબિશન નો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શહેરામાં પેસેન્જર છકડામાંથી ફંગોળાઈ જતાં વૃધ્ધનું સારવાર દરમિયાન મોત

શહેરા,

શહેરા તાલુકાના લીંબોદ્રા ગામના ૫૮ વર્ષીય વૃધ્ધ રતનસિંહ અમરસિંહ પરમાર કોઈક કામ અર્થે શહેરા ગયા હતા અને શહેરા થી પરત ઘરે જવા માટેએક પેસેન્જર છકડો નંબર જીજે ૧૭ ટીટી ૭૩૫૭ માં બેસીને નીકળ્યા હતા ત્યારે અણિયાદ થી રેણા મોરવા તરફ જતા રોડ ઉપર આવેલ બીલીથા પાટીયા પાસે છકડામાં બેઠેલ લીંબોદ્રા ગામના રતનસિંહ અમરસિંહ પરમાર છકડામાંથી ફંગોળાઈને રોડ ઉપર પડી જતા તેઓને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી,જેથી તેઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.આ બાબતે શહેરા પોલીસ મથકે છકડા સામે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા તાલુકાના મોટા ભામૈયા ગામે થી ૩૪ હજારના દારૂ ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના મોટા ભામૈયા ગામે રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો રાખી વેચાત કરતા હોય તેવી બાતમીના આધારે રેડ કરી ૩૪,૫૪૫/- રૂપીયા દારૂ ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના મોટા ભામૈયા ગામે રહેતા મહેશભાઈ બાબુભાઈ ડાટરા પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઈંગ્લીશ દારૂ નંગ-૩૨૯ કિંમત ૩૪,૫૪૫/-રૂપીયાનો પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જીલ્લામાં NFHS-5 ના આરોગ્ય વિષયક સૂચકાંકોની સમીક્ષા હેતુ બેઠક યોજાઈ

ગોધરા,

NFHS-5 પંચમહાલ જીલ્લામાં આજે તા.૧૪મી માર્ચ ૨૦૨૧ના રોજ BRGF ભવન–ગોધરા ખાતે આરોગ્ય વિષયક NFHS-5 અંતર્ગત વિવિધ સૂચકાંકોની સમીક્ષાના અને તેના કાર્ય આયોગન હેતુ કલેકટર અમિત અરોરાનાઅધ્યક્ષ સ્થાને એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

આ બેઠકમાં NFHS-5 ના આરોગ્ય વિષયક જુદા જુદા સૂચકાંકો જેમાં ખાસ કરીને માતામરણ અને બાળ મરણ પ્રમાણ અટકાવવા, જરૂરી રસીકરણની સેવાઓના વ્યાપ વધારી ૧૦૦ ટકા રસકરણ કરવા, સગર્ભા માતાઓને સગર્ભા વસ્થા થી પ્રસુતિની તમામ સેવાઓ તરત, સરસ અને મફત મળી રહે તથા સંસ્થાકીય સુવાવડ ખાસ કરીને ગ્રામ્ય લેવલે આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જ આ સેવાઓ મળી રહે તેવા આયોજન કરવા, જોખમી સગર્ભા માતાઓ અને જોખમી બાળકોને ઓળખીને તેઓને સમયસર સારવાર મળી રહે તેવા આયોજન કરવ, તરૂણા વ્યવસ્થા થતા ગંભીર પ્રકારના એનીયામ અને તરૂણોની સમસ્યાઓનું સમાધાન કરવા તથા કુપોષણનું પ્રમાણ ઘટાડવા વિગેરે બાબતોને આવરી લઈ જરૂરી સમીક્ષા કરી માર્ગદર્શન તમામ તાલુકા લેવલે આરોગ્ય વિષયક કમિટી બનાવી ઉપરોક્ત બાબતોને આવરી લઈ માઈક્રોપ્લાન બનાવી તેનું અમલીકરણ કરવા કલેકટર એ અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, આર.સી.એચ.ઓ.,અધિક જીલ્લા આરોગ્ય અધિકારી સહિત જીલ્લાના તમામ પ્રોગ્રામ ઓફિસરો અને તાલુકા હેલ્થ ઓફિસરો તથા જીલ્લાના તમામ મેડીકલ ઓફિસરો અને એનજીઓના પ્રતિનિધીઓ તથા ગોધરા શહેરાના અગ્રગણ્ય ગાયનેકોલોજીસ્ટ તથા બાળ રોગ નિષ્ણાંત તજ્જ્ઞો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા ખાતે હીતાંશી ફાઉન્ડેશન અને વેસ્ટર્ન રેલવે મઝદુરસંઘ ના ઉપ ક્રમે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

રકતદાન મહાદાન ઉદેશય સાથે રેલવે મઝદુરસંઘ અને હીતાંશી ફાઉન્ડેશન ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. રેલવે હોસ્પિટલ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રેલવે કર્મચારી હાજર રહ્યા અને બ્લડ ડોનેટ કર્યું હતું. પંચમહાલ જિલ્લા કલેક્ટર અમિત અરોરા આ ખાસ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને માનવતા દાખવી બ્લડ ડોનેટ કરનારા રેલવે કર્મચારીનું જિલ્લા કલેક્ટર હસ્તે સન્માન કારવામાં આવ્યું હતું. માનવ જીવન માટે લોહીની એક એક બુંદ ઉપયોગી બની રહે અને અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વ્યકતિ માટે ડોનેટ કરવામાં આવેલ લોહી અતિ મહત્વ સાબિત થાય છે. દાન કરવામાં આવેલુ લોહી ગંભીર રીતે ઘાયલ વ્યકિતને મોત ના મુખ માંથી ઉગારી શકે છે.સાથે દાન કરવામાં આવેલ લોહી ગરીબ પરિવાર માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. ત્યારે આ બાબતો ધ્યાને લઇ વધુમાં વધુ કેમ્પ યોજી માનવ જીવન બચાવવાં માટે તમામ વર્ગ ના લોકોને અચૂક બ્લડ ડોનેટ કરવાની અપીલ જિલ્લા કલેક્ટર અમિત અરોરા દ્વારા કરવામાં આવી હતી.

# ગુજરાતમાં અલગ-અલગ જગ્યાએ અકસ્માતોની ૩ ઘટના, ૪ લોકોના કમકમાટીભર્યા મોત

ગાંધીનગર,

અકસ્માતોની ઘટનામાં દિવસેને દિવસે વધારો થઇ રહ્યો છે ત્યારે ગુજરાતમાં પણ આજે અકસ્માતની અલગ-અલગ ૩ ઘટના બની હતી. જેમાં ૪ લોકોના મોત થયાં હતા.

રાધનપુરના અમીરપુરા પાસે ટ્રેકટર અને બાઇક વચ્ચે અકસ્માતની ઘટના બની હતી જેમાં ૨ યુવકો ગંભીર રીતે ઘાયલ થતાં તેમને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે, સારવાર દરમિયાન બંન્ને યુવકના મોત થતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. રાધનપુર પોલીસે આ ઘટના અંગેની ગંભીરતાથી નોંધ લઈને સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

સુરતના કામરેજ કોસાડી નજીક અકસ્માતની ઘટના પ્રકાશમાં આવી છે. ટ્રક ચાલકે બાઇક સવારને અડફેટે લેતા ચાલકનું મોત થયું હતું. આ ઘટના ત્યારે બની હતી જ્યારે બાઇક ચાલક રોડ ક્રોસ કરી રહ્યો હતો. ત્યારે ધસી આવેલા ટ્રકની ટક્કર વાગી અને ચાલક ટાયર નીચે આવી જતા કમકમાટીભર્યું મોત થયું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

આણંદમાં ચોથા માળેથી પટકાતા યુવકનું મૃત્યુ થયું છે. આણંદના વિદ્યાનગર રોડ પર અર્થવ કોમ્પલેક્સમાં છઝનું કોમ્પ્રેસર ફીટ કરવા યુવક ચોથા માળ પર ગયો હતો. ત્યારે છત પરથી પગ લપસતા યુવક નીચે પટકાયો હતો. જેમાં તેનું મૃત્યુ થયું છે. યુવક આંકલાવ તાલુકાના કંજોડા ગામનો રહેવાસી છે.

# ગોધરા મેશરી નદીના ધસમાં જુગાર રમતા બે જુગારીયા ઝડપ્યા

ગોધરા,

ગોધરા ઉઝેર મસ્જીદની પાછળ નદીના ધસમાં ઝાડીઓમાં જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેડ કરી બે ઈસમોને ૧૬,૧૨૦/-રૂપીયાનો રોકડ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઉઝેર મસ્જીદની પાછળ મેશરી નદીના પટમાં ઝાડી ઝાખરામાં જુગાર રમી રહયા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન હનિફ ઉર્ફે ડુગળીવાળો રસુલ શેખ, અબ્દુલ રઉફ ઉર્ફે અબ્દુલ અહેમદ સાયમન ને ઝડપી પાડયા હતા. પોલીસ સ્થળ ઉપર દાવ ઉપર મુકેલ તેમજ અંગઝડતીમાં મળી ૧૬,૧૨૦/- મુદ્દામાલ કબ્જે લીધો હતો. રેડ દરમ્યાન ત્રણ ઈસમો નાશી છુટીયા હતા. ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.